# <u>આભાકાર્ડ જનરેટ કાર્યક્રમ અહેવાલ</u>

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રાપ્ત પત્રના અનુસંધાને આયુષ્માન ભારત ડીઝીટલ મિશનનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં એક અદ્યતન આરોગ્યની ઇકો સિસ્ટમ બનાવવાનો છે તથા નાગરિકોને આરોગ્ય સુવિધાઓ અને હેલ્થ કેર પ્રોફેશનલની માહિતી અને ડેટાની વહેંચણી માટે આંતરિક કાર્યક્ષમતા વધારવા માટે એક સુરક્ષિત પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ તા.**17/05/2024** ના રોજ યુનિવર્સિટી આયુષ્માન ભારત ડીઝીટલ મિશન (ABDM) અંતર્ગત **Ayushman Bharat Health Account (ABHA)** સફળ બનાવવા સારું આભા કાર્ડ જનરેટ કરવા માટે ગોતા હેલ્થ સેન્ટરની ટીમ બોલાવવામાં આવેલ. સદર કાર્યક્રમમાં સૌ પ્રથમ ડૉ.સોનલ ચૌધરી દ્વારા આવેલ ટીમનો સ્વાગત કરવામાં આવ્યું. યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા. ત્યારબાદ આવેલ ટીમના અધ્યક્ષશ્રીએ આભાકાર્ડ શું છે ? તેના લાભ શું છે.? તેની માહિતી આપવામાં આવી હતી. સૌએ સાથે રહીને આ આભા કાર્ડ જનરેટ કર્યા હતાં અને તેમના પોતાના પરિવારજનોનો પણ આભાકાર્ડ જનરેટ કર્યા હતાં. સૌ કર્મચારીઓએ આવેલ ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. સોનલ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.










